**આજની રાઉન્ડ ઓફ 16ની મેચો**

**આર્જેન્ટીના vs ઇજીપ્ત રાત્રે 9.30 વાગ્યે**

**કોલંબિયા vs સ્વિટ્ઝર્લેન્ડ રાત્રે 1.30 વાગ્યે**

# મેક્સિકોના અજેય પ્રવાસને અટકાવી ઈંગ્લેન્ડ અંતિમ આઠમાં

**જુડ** બેલિંગહામના 98 સેકન્ડના ગાળામાં બે ગોલની મદદથી ઈંગ્લેન્ડે મેક્સિકોને 3-2થી હરાવ્યું

**10** વર્લ્ડકપ મેચોથી જ્યાં મેક્સિકો અજેય રહ્યું ત્યાં 10 ખેલાડી સાથે રમતાં ઈંગ્લેન્ડે જીત મેળવી



મેક્સિકો સિટી, તા. 06 (એપી) : જે એસ્ટાડિયો એઝટેકા સ્ટેડિયમ સાથે ઈંગ્લેન્ડની કેટલીક કડવી યાદો જોડાયેલી હતી, ત્યાં મેક્સિકો હંમેશા વર્લ્ડકપમાંથી ખુશીની લાગણી સાથે પરત ફરતું હતું, પરંતુ રવિવારે સ્થિતિ વિપરીત થઇ અને ઈંગ્લેન્ડે રોમાંચક અંતિમ 16 મેચમાં મેક્સિકોને 3-2થી હરાવીને વર્લ્ડકપ ફૂટબોલની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સેમી ફાઈનલમાં સ્થાન મેળવવા માટે ઈંગ્લેન્ડ શનિવારે ફ્લોરિડાના મિયામી ગાર્ડન્સમાં નોર્વે સામે ટકરાશે.

૧૦ ખેલાડીઓ સાથે રમી રહેલા ઈંગ્લેન્ડ માટે આ મેચમાં જુડ બેલિંગહામે 98 સેકન્ડના ગાળામાં બે ગોલ કર્યા અને હેરી કેને પેનલ્ટીને ગોલમાં ફેરવી, જેમાં, જેના કારણે મેક્સિકોને આ સ્ટેડિયમમાં વર્લ્ડકપમાં પહેલી હાર મળી. આ એ જ સ્ટેડિયમ છે જ્યાં 1986ના વર્લ્ડકપના ક્વાર્ટર ફાઈનલમાં આર્જેન્ટિનાએ ડિએગો મેરાડોનાના કુખ્યાત 'હેન્ડ ઓફ ગોડ' ગોલ અને 'ગોલ ઓફ ધ સેન્ચ્યુરી'ની મદદથી ઈંગ્લેન્ડને હરાવ્યું હતું.

જ્યાં મેક્સિકો આ વર્ષે ત્રણ મેચ સહિત 10 વર્લ્ડકપ મેચમાં અજેય રહ્યું હતું તે સ્ટેડિયમમાં બેલિંગહામે 80,000 થી વધુ લોકોની ભીડને આશ્ચર્યચકિત કરી દીધી હતી. તેણે 36મી મિનિટે હેડર વડે ગોલ કર્યો અને પછી 38મી મિનિટે કેનના પાસથી બીજો ગોલ કર્યો.

જુલિયન ક્વિનોન્સે 42મી મિનિટે મેક્સિકો માટે ગોલ કરીને શરૂઆત કરી. ત્યારબાદ મેચ મેક્સિકોની તરફેણમાં થતી દેખાઈ જ્યારે 54મી મિનિટે જીસસ ગેલાર્ડો પર ખતરનાક ફાઉલ કરવા બદલ ઈંગ્લેન્ડના જેરેલ ક્વાનસાહને મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો. પરંતુ મેક્સિકોના ગોલકીપર રાઉલ રેન્જેલની ભૂલને કારણે, ઈંગ્લેન્ડને પેનલ્ટી મળી અને કેને તેને ગોલમાં રૂપાંતરિત કરીને ટુર્નામેન્ટનો તેનો છઠ્ઠો અને તેના વર્લ્ડકપ કારકિર્દીનો 14મો ગોલ કર્યો. આ સાથે, તેણે પશ્ચિમ જર્મનીના ગેર્ડ મુલરની બરાબરી કરી અને સર્વકાલીન વર્લ્ડ કપ ગોલસ્કોરિંગ યાદીમાં પાંચમા સ્થાને પહોંચી ગયો. કેનના ટુર્નામેન્ટમાં છ ગોલ છે અને ગોલ્ડન બૂટની રેસમાં તે લિયોનેલ મેસી, કિલિયન એમબાપ્પે અને એર્લિંગ હાલેન્ડથી માત્ર એક ગોલ પાછળ છે.

**ટ્રમ્પના હસ્તક્ષેપ બાદ યુએસ સ્ટ્રાઈકર બાલોગનનું રેડ કાર્ડ રદ**

# રેડ કાર્ડ બાદ 'ટ્રમ્પ' કાર્ડ!

**ટ્રમ્પના** એક ફોન કોલથી બાલોગનનું રેડ કાર્ડ રદ કરી દેવાતા વિવાદ, બેલ્જિયમની ટીમે રાષ વ્યક્ત કર્યો

**1962** પછી પહેલીવાર ફિફા વર્લ્ડકપમાં રેડ કાર્ડ છતાં ખેલાડીને રમવા દેવાનો નિર્ણય લેવાયો

**અમેરિકી** ખેલાડીને વર્લ્ડકપમાં રમવા દેવાના ફીફાના નિર્ણય સામે યુઇએફએએ આકરી ટીકા કરી



સિએટલ/ન્યોન, તા. 6 (એપી) : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તક્ષેપ પછી, વિશ્વની સર્વોચ્ચ ફૂટબોલ સંસ્થા ફિફાએ યુએસ સ્ટાર ફોરવર્ડ ફોલારિન બાલોગુનને આપવામાં આવેલ રેડ કાર્ડ પાછું ખેંચી લીધું છે, જેનાથી તેને બેલ્જિયમ સામે વર્લ્ડ કપ મેચ રમવાની મંજૂરી મળી છે. જ્યારે યુરોપિયન ફૂટબોલ સંસ્થા UEFAએ ફીફાના આ નિર્ણયની આકરી ટીકા કરી છે.

ફિફાએ રવિવારે જાહેરાત કરી કે બાલોગનનું સસ્પેન્શન હટાવી લેવામાં આવ્યું છે, એક દુર્લભ પગલું જેના ટ્રમ્પ તરફથી પ્રશંસા અને બેલ્જિયમ ટીમ તરફથી રોષ જોવા મળ્યો. 1962 પછી આ પહેલી વાર છે જ્યારે વર્લ્ડકપમાં રેડ કાર્ડના કારણે સસ્પેન્શન થયું નથી. આ બાબતથી વાકેફ એક વ્યક્તિએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ટ્રમ્પે મેચ પછી ફિફા પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનોને ફોન કર્યો હતો અને ફિફાને રેડ કાર્ડની સમીક્ષા કરવા કહ્યું હતું. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં કહ્યું, "યોગ્ય કાર્ય કરવા અને અન્યાયને ઉલટાવી દેવા બદલ ફિફાનો આભાર.

UEFAએ આ નિર્ણયને 'અકલ્પનીય અને અયોગ્ય' ગણાવતા કહ્યું કે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દબાણ હેઠળ આવીને આવીને બાલોગુનનો એક મેચનો ફરજિયાત પ્રતિબંધ હટાવી એક વર્ષના પ્રોબેશન પર મૂકવાનો ફીફાનો નિર્ણય રમત જગતના સ્થાપિત નિયમોનું ઉલ્લંઘન છે. FIFAના આ નિર્ણયની વૈશ્વિક સ્તરે અને નોર્વેના કોચ સ્ટેલ સોલબેકન સહિત અનેક પૂર્વ સ્ટાર ખેલાડીઓએ પણ આકરી ટીકા કરી છે. UEFAએ ચિંતા વ્યક્ત કરી છે કે જ્યારે રક્ષકો જ નિયમોનું પાલન ન કરે, ત્યારે રમતની વિશ્વસનીયતા જોખમાય છે. આ વિવાદ વચ્ચે, બેલ્જિયમ ફૂટબોલ ફેડરેશન આ નિર્ણય સામે ફીફાના જજ સમક્ષ અપીલ કરવાની તૈયારી કરી રહ્યું છે.

# આજે ત્રીજી ટી-20 : બિશ્નોઈને બહાર બેસાડી વધારાના સીમરને રમાડવાનો વિચાર

**ભારતીય** ટીમ નવોદિત ઝડપી બોલર પ્રિન્સ યાદવને ટીમમાં સમાવે તેવી સંભાવના

**રાત્રે** 10.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

નોટિંઘમ, તા. 06 : યુકે પ્રવાસ પર અત્યાર સુધી વિજયનો સ્વાદ ચાખવામાં નિષ્ફળ રહેલી ભારતીય ટીમ આવતીકાલે મંગળવારે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટી20 ઈન્ટરનેશનલ મેચ માટે સંયોજનમાં ફેરફાર કરીને લેગ સ્પિનર રવિ બિશ્નોઇને બહાર મૂકીને તેના સ્થાને એક વધારાનો ફાસ્ટ બોલર ઉમેરવાનું વિચારી રહી છે.

ઐયરની કેપ્ટનશીપ હેઠળ ભારત ચારમાંથી ત્રણ મેચ હારી ગયું છે , જેમાં આયર્લેન્ડ સામે 0-2થી સીરિઝમાં શરમજનક હારનો સમાવેશ થાય છે. પરિણામે, ત્રીજી ટી-20 ટીમ માટે કરો યા મરો જેવી સ્પર્ધા બની ગઈ છે. માન્ચેસ્ટરમાં બીજી મેચમાં બિશ્નોઈ સંપૂર્ણપણે આઉટ ઓફ ફોર્મ દેખાયા. તેણે ત્રણ બેક-ફૂટ નો-બોલ ફેંક્યા અને ઈનિંગ્સની 17મી ઓવરમાં 29 રન આપીને તેના કવોટાની ચાર ઓવરમાં એકેય વિકેટ લીધા વગર 60 રન આપ્યા હતા જેને પગલે ટીમમાં તેમના સ્થાન અંગે પ્રશ્નો ઉભા થયા છે.

નિષ્ણાતો માને છે કે અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તી પહેલાથી જ હાજર હોવાથી, ઓલ્ડ ટ્રેફોર્ડની સ્થિતિમાં ત્રીજા નિષ્ણાત સ્પિનરની જરૂર નહોતી. ટ્રેન્ટ બ્રિજની પરિસ્થિતિઓને જોતાં, બિશ્નોઈનો પ્લેઈંગ ઈલેવનમાં સમાવેશ અશક્ય માનવામાં આવે છે. ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવને તેના સ્થાને ગણી શકાય. પિચમાંથી સ્વિંગ અને વધારાની હિલચાલ કાઢવાની તેની ક્ષમતા તેને પ્રસિદ્ધ કૃષ્ણ કરતાં વધુ સારો વિકલ્પ બનાવે છે, જેની બેક-ઓફ-ધ-લેન્થ ડિલિવરી ટી20 ક્રિકેટમાં હેન્ડલ કરવા પ્રમાણમાં સરળ સાબિત થાય છે. ઝડપી બોલર અર્શદીપ સિંહે પાછલી મેચમાં ત્રણ વિકેટ લીધી હતી, જેમાં તેની શરૂઆતની ઓવરમાં બે વિકેટનો સમાવેશ થાય છે. જોકે, ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે એક ઓવરમાં આપેલા 27 રન પણ ભારતની હારમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઈંગ્લેન્ડે એક ઓવર બાકી રહેતા 191 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. ટ્રેન્ટ બ્રિજની બેટિંગ-મૈત્રીપૂર્ણ પીચ પર, યુવાન વૈભવ સૂર્યવંશી પાસેથી ફરીથી આક્રમક બેટિંગની અપેક્ષા રાખવામાં આવશે. તેની સાથે, ઈન-ફોર્મ અભિષેક શર્મા ભારતીય ઈનિંગ્સ માટે સૌથી મોટી આશા છે.

# હાલેન્ડના બે ગોલથી બ્રાઝિલને હરાવી નોર્વે પહેલીવાર ક્વાર્ટર ફાઈનલમાં

**હાલેન્ડે** 79 અને 90મી મિનિટે ગોલ કર્યા, બ્રાઝિલ વતી એકમાત્ર ગોલ નેમારે સ્ટોપેજ ટાઇમમાં કર્યો

ઈસ્ટ રધરફોર્ડ, તા. 06 (એપી) : ફિફા વર્લ્ડકપમાં ગઈકાલે રવિવારે રાત્રે અહીં રમાયેલી રાઉન્ડ ઓફ 16ની એક મેચમાં એર્લિંગ હાલેન્ડે 80મી મિનિટમાં પહેલો ગોલ કરીને નિયમિત સમય પૂરો થાય તે પહેલાં બીજો ગોલ કરતા નોર્વેએ પાંચ વખતના ચેમ્પિયન બ્રાઝિલને 2-1થી હરાવીને પહેલીવાર ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

મેચની 79મી મિનિટે હેડર દ્વારા લીડ મેળવનારો ગોલ કરીને અને ત્યારબાદ રેગ્યુલેશન સમય પૂરો થતાં પહેલાં બીજો ગોલ ફટકારીને, હાલેન્ડે નોર્વેની ટીમને જીત અપાવી. મેચના પ્રથમ હાફમાં ખાસ પ્રભાવ ન પાડી શક્યા બાદ અને બહુ ઓછી વખત બોલ તેમના સંપર્કમાં આવ્યા પછી, બીજા હાફના હાઈડ્રેશન બ્રેક દરમિયાન હાલેન્ડે કોચ સ્ટેલ સોલબાકેન સાથે વાત કરી હતી. કોચે તેને પોતાની પૂરી ઉર્જા લગાવીને આગળ વધવા કહ્યું હતું.

જ્યારે સૌથી વધુ જરૂર હતી ત્યારે હાલેન્ડે પોતાનો અસલી ખેલ બતાવ્યો. હાફ-ટાઈમમાં મેદાન પર આવેલા એન્ડ્રીઆસ શેલ્ડરુપે સચોટ પાસ આપ્યો, જેના પર હાલેન્ડે શાનદાર હેડર મારીને ગોલ કર્યો. તેના થોડી મિનિટો પછી હાલેન્ડે ડેનિલોના પગની વચ્ચેથી બોલ પસાર કરીને ટૂર્નામેન્ટનો પોતાનો સાતમો ગોલ કર્યો. આ સાથે જ તે ગોલ્ડન બૂટની રેસમાં આર્જેન્ટિનાના લિઓનલ મેસી અને ફ્રાન્સના કિલિયન એમબાપ્પેની બરાબરી પર આવી ગયો છે.

બીજી તરફ, ગોલકીપર ઓરજાન નાયલેન્ડનું પ્રદર્શન પણ શાનદાર રહ્યું હતું. તેણે મેચની શરૂઆતમાં 14મી મિનિટે પોતાની ડાબી બાજુ ડાઈવ લગાવીને બ્રુનો ગિમારાયસની પેનલ્ટી કિકને રોકી લીધી હતી. ત્યારબાદ, જ્યારે નોર્વે એક ગોલની લીડ બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું, ત્યારે અંતિમ ક્ષણોમાં એન્ડ્રિકના શૉટને પોતાના ડાબા હાથથી રોકીને શાનદાર બચાવ કર્યો હતો. નાયલેન્ડે માત્ર એક જ ગોલ થવા દીધો જે નેમારે સ્ટોપેજ ટાઈમના અંતમાં પેનલ્ટી કિક દ્વારા કર્યો હતો, જેનાથી માત્ર અંતિમ સ્કોરમાં ફેરફાર થયો. નોર્વેની આગામી મેચ શનિવારે ફ્લોરિડાના માયામી ગાર્ડન્સમાં ઈંગ્લેન્ડ સામે થશે.



### બ્રુનો ગિમારાયસ વર્લ્ડકપમાં પેનલ્ટી કીક પર ગોન ન કરી શકનાર બ્રાઝિલનો બીજો ખેલાડી

બ્રુનો ગિમારાયસ 1986માં ઝીકો પછી વર્લ્ડકપમાં પેનલ્ટી કિક પર ગોલ ન કરી શકનાર બ્રાઝિલનો પ્રથમ ખેલાડી બન્યો છે. સ્ટાર ખેલાડી વિનિસિયસ જુનિયરના બદલે તેને પેનલ્ટી લેવા માટે મોકલવાના નિર્ણયની તરત જ ટીકા થવા લાગી હતી અને આગામી સમયમાં પણ આ અંગે સવાલો ઉઠતા રહેશે. આ સિવાય બ્રાઝિલ પાસે ગોલ કરવાની ઘણી તકો હતી, જેમાં કેસેમિરો ક્રોસિંગ દરમિયાન નેમાર સુધી બોલ પહોંચાડી શક્યો ન હતો, જે કદાચ સ્કોર બરાબર કરી શક્યો હોત. વર્લ્ડકપના નોકઆઉટ રાઉન્ડમાં યુરોપિયન ટીમો સામે બ્રાઝિલની આ સતત સાતમી હાર હતી, જે 2002ની ફાઇનલમાં જર્મનીને હરાવ્યા બાદથી શરૂ થઈ છે.

### વર્લ્ડકપમાંથી બહાર થતાં નેમારની ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ



ઇસ્ટ રધરફોર્ડ તા. 06 : ફિફા વર્લ્ડકપના રાઉન્ડ ઓફ 16 માં નોર્વે સામે બ્રાઝિલની ઐતિહાસિક 2-1 થી હાર બાદ બ્રાઝિલના દિગ્ગજ ફોરવર્ડ નેમાર જુનિયરે ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. મેચ પછી પત્રકારો સાથે વાત કરતા, 34 વર્ષીય નેમાર જુનિયરે ભાવનાત્મક રીતે કહ્યું, મેં ખૂબ જ પ્રયત્ન કર્યો, મેં મારાથી બનતું બધું જ કર્યું. પરંતુ હવે આ સફર પૂરી થઈ ગઈ છે. મેં મારી ઇન્ટરનેશનલ કેરિયર અમેરિકાની આ જ ધરતી પર શરૂ કરી હતી, અને હું તેને અહીં જ સમાપ્ત કરી રહ્યો છું. નેમારના આ નિવેદન સાથે, બ્રાઝિલ માટે એક યુગનો અંત આવ્યો છે.

# ઝિમ્બાબ્વે પ્રવાસ માટેની ટી-20 ટીમમાંથી સંજુ સેમસનની બાદબાકી

**અશોક** શર્મા, યશ ઠાકુર અને પ્રભસિમરન સિંહ સહિત નવા ચહેરાઓને મળી તક

**ઈંગ્લેન્ડ** સામેની વન-ડે શ્રેણી માટે ઇજાગ્રસ્ત નીતિશ રેડ્ડીના સ્થાને શિવમ દુબેનો સમાવેશ



વન-ડે શ્રેણી માટે ઈજાગ્રસ્ત નીતિશ કુમાર રેડ્ડીના સ્થાને શિવમ દુબેનો ટીમમાં સમાવેશ કરાયો છે.

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): ઝિમ્બાબ્વે સામે રમાનારી ત્રણ મેચોની ટી-20 શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં વર્લ્ડકપ વિજેતા વિકેટકીપર બેટર સંજુ સેમસનની બાદબાકી કરવામાં આવી છે.

સેમસનના ખરાબ ફોર્મને કારણે તેના સ્થાને પંજાબના વિકેટકીપર બેટર પ્રભસિમરન સિંહને ટીમમાં પ્રથમ વખત તક મળી છે. આ ઉપરાંત પસંદગીકારોએ ઝડપી બોલર યશ ઠાકુર અને અશોક શર્માને પણ પ્રથમ વખત ટીમમાં સામેલ કર્યા છે, જ્યારે એક્સપ્રેસ બોલર મયંક યાદવની 2024 પછી ટીમમાં વાપસી થઈ છે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે 23, 25 અને 27 જુલાઈના રોજ હરારેમાં મેચો રમાશે. બીજી તરફ, ઈંગ્લેન્ડ સામેની

ઝિમ્બાબ્વે પ્રવાસ માટેની ટી-૨૦ ટીમ: શ્રેયસ અય્યર (કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, તિલક વર્મા (વાઈસ કેપ્ટન), ઈશાન કિશન (વિકેટકીપર), શિવમ દુબે, સૂર્યાંશ શેડગે, રિંકુ સિંહ, હર્ષ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ, યશ ઠાકુર, અશોક શર્મા, મયંક યાદવ, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર).

ઈંગ્લેન્ડ સામેની વન-ડે ટીમ: શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કે એલ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ ક્રિષ્ણા, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, ગુરનૂર બ્રાર, શિવમ દુબે.

# વિમ્બલડન : સબાલેન્કાને હરાવી ઓસાકા ક્વાર્ટર ફાઈનલમાં



**કોકો** ગફ પણ બેલિન્ડાને હરાવીને પ્રથમ વખત વિમ્બલડનની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશી

### રોજર ફેડરર 2008ના વિમ્બલડન ફાઇનલની યાદ તાજી કરવા પાછો ફર્યો



રાફેલ નડાલ સામે 2008ની ફાઇનલમાં પાંચ સેટની હારની 18મી વર્ષગાંઠ નિમિત્તે. ગ્રાસકોર્ટનો દિગ્ગજ રોજર ફેડરર સોમવારે વિમ્બલડનમાં પાછો ફર્યો. આઠ વખતનો સિંગલ્સ ચેમ્પિયન ફેડરર, ગ્રે સૂટમાં સજ્જ, ચોથા રાઉન્ડની મેચો માટે રોયલ બોક્સમાં મહેમાન હતો. ફિલિપાઇન્સની એલેક્ઝાન્ડ્રા એલા અને 2024 ની રનર-અપ જાસ્મીન પાઓલિની વચ્ચેની મેચ દરમિયાન તે સેન્ટર કોર્ટ પર આગળની હરોળમાં બેઠો હતો. 2008ની ફાઇનલમાં નડાલે ફેડરરને અંતિમ સેટમાં 9-7 થી હરાવ્યો હતો, અને તે ટેનિસ ઇતિહાસની સૌથી યાદગાર મેચોમાંની એક માનવામાં આવે છે. નડાલ 1927 પછી પ્રથમ બે સેટ ગુમાવ્યા પછી વિમ્બલડન ફાઇનલ જીતનાર પ્રથમ પુરુષ ખેલાડી બન્યો.

લંડન, તા. 6 (એપી): જાપાનની નાઓમી ઓસાકાએ વિમ્બલ્ડન ટેનિસ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરતા ટોચની ક્રમાંકિત આર્યના સાબાલેન્કાને હરાવીને પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

વર્ષના સૌથી ગરમ દિવસે સેન્ટર કોર્ટ પર રમાયેલી આ રોમાંચક મેચમાં, પૂર્વ નંબર વન ઓસાકાએ પોતાની આક્રમક રમત અને પાવરફુલ સર્વિસના જોરે સાબાલેન્કાને 6-2, 7-6 (2)થી પરાજય આપ્યો હતો.

ચાલુ વર્ષે ફ્રેન્ચ ઓપન સહિત અગાઉની ત્રણેય મેચોમાં સાબાલેન્કા સામે હારનો સામનો કરનાર ઓસાકા માટે આ જીત ખૂબ જ ખાસ છે. વર્ષ 2019 પછી કોઈ નંબર વન ખેલાડી સામે ઓસાકાની આ પ્રથમ જીત છે. માનસિક સ્વાસ્થ્ય અને મેટરનિટી બ્રેક બાદ પરત ફરેલી ચાર ગ્રાન્ડ સ્લેમ વિજેતા ઓસાકાએ જણાવ્યું કે લાંબા સમય પછી તેને કોર્ટ પર રમવાની આટલી મજા આવી છે. બીજી તરફ, સતત બીજી ગ્રાન્ડ સ્લેમમાં વહેલા બહાર થઈ જવાથી નિરાશ થયેલી સાબાલેન્કાએ ઓસાકાની રમતની પ્રશંસા કરતા સ્વીકાર્યું કે ઓસાકાએ તેના પર સંપૂર્ણ પ્રભુત્વ મેળવી લીધું હતું. હવે ક્વાર્ટર ફાઈનલમાં ઓસાકાનો મુકાબલો કેરોલિના મુચોવા સામે થશે.

**કોકો ગફ પ્રથમ વખત ક્વાર્ટર ફાઈનલમાં**

બીજી બાજુ અમેરિકાની કોકો ગફે પણ બેલિન્ડા બેન્સિચને 4-6, 6-3, 6-4થી હરાવીને પ્રથમ વખત આ ગ્રાન્ડ સ્લેમની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ મેચ ઓલ ઈંગ્લેન્ડ ક્લબના રાત્રે 11 વાગ્યાના કરફ્યુના નિયમથી માત્ર બે મિનિટ પહેલાં જ સમાપ્ત થઈ હતી. જો ગફ આ મેચ સમયસર ન જીતી શકી હોત, તો મેચ સોમવાર સુધી સ્થગિત રાખવી પડી હોત. હવે ક્વાર્ટર ફાઈનલમાં ગોફનો મુકાબલો જેસિકા પેગુલા સામે થશે.

**અનુસંધાન... પાના પહેલાનું**

### મહારાષ્ટ્રમાં ભારે...

માવલમાં સૌથી વધુ ૨૩૭.૩ મીમી વરસાદ પડ્યો હતો. જેની બહુ ચર્ચા થઇ હતી તે મુંબઇ-પુણે એક્સપ્રેસ-વેની મિસિંગ લિંક ટનલ પહેલા જ ભારે વરસાદમાં ફસકાઇ ગઇ હતી.

ભેખડો ધસી પડતા આ ટનલના એક્ઝિટનો કેટલોક ભાગ તૂટી ગયો હતો.

### મુંબઈમાં વરસાદી...

આસપાસના વિસ્તારોમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. મહારાષ્ટ્રના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી ગિરીશ મહાજને લોકોને અતિ આવશ્યક ન હોય ત્યાં સુધી બહાર ન નીકળવા અપીલ કરી હતી અને વિરોધ પક્ષોને આ પરિસ્થિતિનું રાજકીયકરણ ન કરવા વિનંતી કરી હતી.

મહાજને વિધાન ભવન પરિસરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "લોકોએ આજે બિલકુલ બહાર ન નીકળવું જોઈએ. મહેરબાની કરીને પ્રવાસન માટે બહાર ન જાઓ. અમે ટૂંક સમયમાં ઓફિસો, શાળાઓ અને કોલેજો બંધ કરવાની જાહેરાત કરીશું. મહેરબાની કરીને બહાર ન નીકળો."

### મુંબઇમાં ચાલુ રહેલો...

વીજળીના થાંભલા અને અન્ય જોખમી માળખાથી સુરક્ષિત અંતર જાળવવા અપીલ કરી છે. BMC ના જણાવ્યા અનુસાર, મુંબઈ શહેરમાં BMC અને અન્ય સરકારી એજન્સીઓના આશરે 15,000 અધિકારીઓ અને કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. મુંબઈમાં સોમવારે પવનની ગતિ અંદાજે 90 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી ગઈ હતી. આ ઉપરાંત, દિવસ દરમિયાન મહાનગરમાં વૃક્ષ/ડાળીઓ પડવાની 291 ઘટનાઓ નોંધાઈ હતી. પાડોશના પાલઘરમાં સવારમાં જ ૧૮ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતા સુરત-મુંબઇ વચ્ચેના ટ્રેન વ્યવહારને અસર થઇ હતી. મુંબઇ એરપોર્ટ પર આવતી કેટલીક ફ્લાઇટોને અન્ય એરપોર્ટો પર ડાઈવર્ટ કરવામાં આવી હતી.

હવામાનમાં આવેલા પલટાને ધ્યાનમાં રાખીને હવામાન કચેરીએ સવારે ચેતવણીને 'ઓરેન્જ' માંથી અપગ્રેડ કરીને 'રેડ' એલર્ટ કરી દીધી હતી. વિભાગે આ વિસ્તારમાં ક્યારેક-ક્યારેક 70 થી 80 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની પણ આગાહી કરી છે. પડોશી જિલ્લા પાલઘરને 'ઓરેન્જ' એલર્ટ પર રાખવામાં આવ્યો છે, જ્યાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ અને ક્યારેક 70-80 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની સંભાવના છે. IMDએ ચેતવણી આપી છે કે ભારે વરસાદને કારણે નીચાણવાળા અને શહેરી વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે, અમુક સ્ત્રાવ વિસ્તારોમાં અચાનક પૂર તેમજ નદીઓમાં પૂર આવી શકે છે અને રસ્તાઓ તથા પુલો પરથી પાણી વહી શકે છે.

### ભારે વરસાદથી...

અનુસાર, ખાસ કરીને વસઈ રોડ-વિરાર અને સફાળે-પાલઘર સેક્શન વચ્ચે પાણી ભરાઈ જવાને કારણે ટ્રેન સેવાઓ ગંભીર રીતે અવરોધાઈ હતી. બપોરે ૧.૫૦ વાગ્યા સુધીમાં વિરાર, વાણગાંવ, પાલઘર, દહાણુ રોડ અને વલસાડ સહિતના વિવિધ સ્ટેશનો પર ઓછામાં ઓછી ૨૨ લાંબા અંતરની ટ્રેનોને રોકી રાખવામાં આવી હતી. પશ્ચિમ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, દિવસ દરમિયાન ૪૦થી વધુ સેવાઓ પ્રભાવિત થઈ હતી, જેમાં ભારે વરસાદ, જળબંબાકાર અને ભૂસ્ખલનને કારણે ઓછામાં ઓછી આઠ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, ૧૦ ટ્રેનો રદ કરવામાં આવી હતી અને અન્ય કેટલીક ટ્રેનોના રૂટ ડાયવર્ટ અથવા નિયત સ્ટેશન પહેલા જ પ્રવાસ સમાપ્ત કરવામાં આવ્યા હતા.

રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના કેટલાક ભાગોમાં માત્ર બે કલાકમાં લગભગ ૩૦૦ મીમી વરસાદ નોંધાયો હતો, જેના કારણે સવારે ૯ વાગ્યા સુધીમાં સ્થિતિ વધુ વણસી ગઈ હતી. પ્રભાવિત થયેલી કેટલીક લાંબા અંતરની ટ્રેનોમાં બાંદ્રા ટર્મિનસ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ, મુંબઈ સેન્ટ્રલ-હઝરત નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસ, દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-ચંદીગઢ એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-હિસાર એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-અમૃતસર એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-બીકાનેર એક્સપ્રેસ અને બાંદ્રા ટર્મિનસ-વેરાવળ એક્સપ્રેસનો સમાવેશ થાય છે. પૂરગ્રસ્ત નેટવર્ક પર વધુ ભીડ ન થાય તે માટે અમદાવાદ, જોધપુર અને ભુજ જેવા શહેરોમાંથી આવતી ટ્રેનોને વાપી અને સુરત જેવા સ્ટેશનો પર રોકી દેવામાં આવી હતી.

### મુંબઈ-ગોવા...

ફરી શરૂ થવાની રાહ જોઈ રહેલા મુસાફરોમાં ચિંતા વધી ગઈ હતી. પૂરને કારણે વાકણ-પાલી રોડ પણ બંધ કરી દેવામાં આવ્યો હતો. પુણે તરફ જતા વાહનોને માણગાંવ અને નિઝામપુર થઈને તામહિણી ઘાટ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા, જ્યાંથી વાહનોને મુંબઈ તરફ વાળવામાં આવ્યા હતા. લાંબા સમય સુધી ચાલેલા આ વિક્ષેપને કારણે વાહનચાલકો અને મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી, જેમાંથી ઘણા લોકો મુંબઈ-ગોવા હાઈવે પર ખરાબ રસ્તાઓ અને ચાલી રહેલા બાંધકામનો સામનો પહેલેથી જ કરી રહ્યા હતા.

### રામ મંદિર ટ્રસ્ટની...

ચંપત રાયનું રાજીનામું સ્વીકારવા છતાં રામ મંદિર આંદોલન અને નિર્માણમાં તેમના યોગદાનની સર્વાનુમતે પ્રશંસા કરી હતી. રાયનો બચાવ કરતા ગિરીએ કહ્યું કે તેઓ "મારી નજરમાં નિષ્કલંક છે" અને રામ મંદિર આંદોલન માટે તેમના "બલિદાન"ની પ્રશંસા કરી હતી. ગિરીએ જણાવ્યું હતું કે રાયે સ્વેચ્છાએ રાજીનામું આપ્યું છે અને કહ્યું છે કે જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય અને જવાબદારોને ન્યાયના કટઘરામાં લાવવામાં ન આવે ત્યાં સુધી મહામંત્રી તરીકે ચાલુ રહેવું યોગ્ય નથી. ટ્રસ્ટના બંધારણ પ્રમાણે એકવાર રાજીનામુ સોંપાય એટલે તે અમલી બની જાય છે તેથી ટ્રસ્ટ પાસે તેમનું રાજીનામુ સ્વીકારી લેવા સિવાય કોઇ વિકલ્પ ન હતો. હવે ટ્રસ્ટની બેઠક ૨૨ જુલાઈએ મળશે.

### પંજાબમાં રખડતા...

કામ કરી રહ્યા હતા ત્યાંથી આશરે 100 મીટર દૂર એક ટ્યુબવેલ નજીક ઝાડના છાંયડામાં મૂકીને ગયું હતું. સાંજે આશરે 5.30 વાગ્યે, લગભગ સાત રખડતા કૂતરાઓના ઝુંડે બાળકી પર કથિત રીતે હુમલો કર્યો અને તેને થોડે દૂર સુધી ઢસડી ગયા, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ હતી. તેની ચીસો સાંભળીને તેના માતા-પિતા અને અન્ય મજૂરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેને બચાવી લીધી હતી. તેને ટાંડાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (સીએચસી) ખાતે લઈ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ પ્રાથમિક સારવાર આપી હતી અને તેની ઈજાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેને હોશિયારપુર રિફર કરી હતી. પોલીસે જણાવ્યું કે, બાદમાં એક ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ઈજાઓના કારણે તેનું મોત નીપજ્યું હતું.

### મણિપુરમાં આતંકવાદી...

ત્રણ વર્ષ પહેલાં વંશીય હિંસા ફાટી નીકળી ત્યારથી સુરક્ષા દળો મણિપુરના સરહદી અને સંવેદનશીલ વિસ્તારોમાં સર્ચ ઓપરેશન અને વિસ્તાર પર નિયંત્રણ મેળવવાની કામગીરી કરી રહ્યા છે. મે 2023થી મેઈતેઈ અને કુકી-જો જૂથો વચ્ચેની વંશીય હિંસામાં 260થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો બેઘર થયા છે.

### ફિલ્મ 'સતલુજ'...

સેન્સર બોર્ડ દ્વારા 125થી વધુ કટ સૂચવવામાં આવ્યા હોવાથી મેકર્સે તેને સિનેમાઘરોમાં રિલીઝ ન કરવાનો નિર્ણય લીધો હતો.

આ ફિલ્મ માનવાધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલરાના જીવન પર આધારિત છે, જેમણે 1980 અને 1990ના દાયકામાં પંજાબના આતંકવાદના ગાળા દરમિયાન હજારો અજાણ્યા મૃતદેહોના ગેરકાયદેસર અંતિમ સંસ્કારના મામલાનો પર્દાફાશ કર્યો હતો. વર્ષ 1995માં ખાલરાનું અપહરણ કરીને તેમની હત્યા કરી દેવામાં આવી હતી. રાજકીય રીતે સંવેદનશીલ વિષય હોવાથી સેન્સર બોર્ડે ખાલરાનું નામ પણ ફિલ્મમાંથી હટાવવા કહ્યું હતું, જેનો નિર્દેશક હની ત્રેહાને લોકશાહી પર પ્રહાર ગણાવીને વિરોધ કર્યો હતો.

ફિલ્મ હટાવવા અંગે દિલજીત દોસાંજે સોશિયલ મીડિયા પર અગાઉથી જ આશંકા વ્યક્ત કરી હતી કે સોમવાર સુધીમાં ફિલ્મ હટી શકે છે. તેણે ભાવુક થઈને લખ્યું કે, 1995માં પણ ખાલરા સાહેબનો અવાજ દબાવી દેવાયો હતો અને આજે પણ દબાવવામાં આવી રહ્યો છે. ZEE5એ સારા પ્રતિસાદ બદલ દર્શકોનો આભાર માન્યો હતો અને આશ્વાસન આપ્યું છે કે તેઓ યોગ્ય પ્રક્રિયા દ્વારા આ ફિલ્મને ટૂંક સમયમાં પાછી લાવવા માટે પ્રતિબદ્ધ છે.

### દિલ્હી ડાયરી...

છે કે કેમ તે અંગે અટકળો ચાલી રહી છે. આ એ જ બેનર્જી છે જેમણે ચૂંટણીમાં પરાજયનો સામનો ન કર્યો ત્યાં સુધી ગાંધીના નેતૃત્વને ક્યારેય ગંભીરતાથી લેવાની ના પાડી દીધી હતી. જોકે, આ પગલું નબળી પડેલી મમતા બેનર્જીને માફક આવી શકે છે, પણ શું તે કોંગ્રેસને માફક આવશે? આ એક લાખ રૂપિયાનો સવાલ છે. અધીર રંજન ચૌધરી જેવા સ્થાનિક નેતાઓ, જેમનું રાજકારણ જ તૃણમૂલ કોંગ્રેસના વિરોધ પર ટકેલું છે, તેઓ આ બાબતનો સખત વિરોધ કરી રહ્યા છે. બીજી તરફ, ગાંધીએ દિલ્હીમાં મમતા બેનર્જી અને તેમના ભત્રીજાને જે ઉષ્માભર્યું આવકાર આપ્યો, તે જોતાં તેઓ પરિપક્વતા દર્શાવી રહ્યા છે.

વાસ્તવમાં, એવું કહેવાય છે કે ગાંધીએ મુશ્કેલીમાં મુકાયેલા અભિષેક બેનર્જીને તેમની સામે ચાલી રહેલા કેસોથી બચવા માટે, જો તેઓ કોઈ "મિત્ર" રાજ્યમાં આશ્રય લેવા માંગતા હોય તો તેલંગાણામાં આશ્રય આપવાની ઓફર પણ કરી છે.

**ઇન્ડિયા બ્લોકમાં બદલાતા સમીકરણો અને અખિલેશ યાદવની ચિંતા**

સમાજવાદી પક્ષ પોતાના ૩૭ સાંસદોના જૂથ સાથે વિપક્ષમાં બીજો સૌથી મોટો પક્ષ છે. આ સંખ્યા એટલા માટે વધુ મહત્ત્વની બને છે કારણ કે, તૃણમૂલ કોંગ્રેસ વિભાજનના આરે છે અને તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પછી કોંગ્રેસે ડીએમકેને પોતાનાથી દૂર કરી દીધું છે. તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલી ઇન્ડિયા બ્લોકની બેઠકમાં યાદવ અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે ડીએમકેના ભોગે ફિલ્મ સ્ટારમાંથી રાજનેતા બનેલા વિજયની ટીવીકે પાર્ટી સાથે ગઠબંધન કરવા બદલ કોંગ્રેસ સામે નારાજગી વ્યક્ત કરી હોવાનું કહેવાય છે. પરંતુ હાલમાં, રાહુલ ગાંધી ખૂબ જ ઉત્સાહમાં છે કારણ કે તેઓ જાણે છે કે તાજેતરની વિધાનસભા ચૂંટણીઓ પછી ઇન્ડિયાબ્લોકની કેમિસ્ટ્રીમાં એક મોટો ફેરફાર આવ્યો છે. અગાઉ કોંગ્રેસને સહયોગી પક્ષોની જરૂર હતી, પરંતુ હવે સહયોગી પક્ષોને કોંગ્રેસની વધુ જરૂર છે. અખિલેશ યાદવ અત્યારથી જ દબાણ અનુભવી રહ્યા છે, કારણ કે ભાજપના નેતાઓ સોશિયલ મીડિયા પર એવા સંકેતો આપી રહ્યા છે કે સમાજવાદી પક્ષ પણ વિભાજનના આરે છે. જ્યારે આ અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું, 'મારો પક્ષ નહીં.'